ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રેમ પર્વની ઉજવણી

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વેલેન્ટાઈન ડે નિમિત્તે પ્રેમપર્વ કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં પદ્મશ્રી વિષ્ણુ પંડ્યાએ કાર્યક્રમનો શુભારંભ કરતાં જણાવ્યું હતું કે પ્રેમ માણસને માણસ બનાવે છે. ભારતીય પરંપરામાં દરેક દિવસ પ્રેમપર્વ છે તથા આ કાર્યક્રમમાં રોજન્દ્ર શુકલ, નયના જાની, કૃષ્ણકાન્ત ઉનડકટ, જ્યોતિ ઉનડકટ, કમલ જોશી, દેવાંગી જોશી, અમીપ પ્રજાપતિ, આશિતા પ્રજાપતિ સર્જક બેલડીએ કલા પ્રસ્તુત કરી હતી. આ કાર્યક્રમમાં ડૉ. જયેન્દ્રસિંહ જાદવ અતિથિવિશેષ અને સંયોજન હરદ્વાર ગોસ્વામીએ કર્યુ હતુ.

શહેરમાં કોરોનાના નવા ૨૫ કેસ નોંધાયા

સરગાસણ-કુડાસણમાં ૪-૪ કેસ તો સે. ૧, ૪, ૧૯, ૨, ૧૪ માં ૨-૨ કેસ નોંધાયા : ૧૨૧ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ અપાયું

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૨૫ કેસ નોંધાયા છે. આ સાથે કોરોનાના કેસોની સંખ્યા ૯૮૦૦ના આંકને પાર કરી ગઈ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં બધાજ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં સંક્રમણ ઘટતાં તંત્રએ રાહતનો શ્વાસ જરૂર લીધો છે.

આજે નોંધાયેલા કેસમાં ૧૩ મહિલા દર્દીઓ, ૩ દર્દીઓ ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથના જ્યારે ૬ દર્દી ૬૦ કે તેથી વધુ વયના નોંધાયા છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર કુડાસણ અને સરગાસણમાં ૪-૪ કેસ નોંધાયા છે. રાંધેજા, રાંદેસણ, સુઘડ અને આઈઆઈટીમાં ૧-૧ કેસ નોંધાયો છે.

સે. ૧, ૪, ૧૯, ૨, ૧૪ માં ૨-૨ કેસ નોંધાયા છે. જ્યારે સે. ૭, ૨૭, ૨૧ માં ૧-૧ કેસ નોંધાવા પામેલ છે.

શહેરમાં કોરોનાની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો તંત્રના સૂત્રોએ દાવો કર્યો છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા સાથે કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત અમલીકરણની પણ તાકીદ કરી છે.

શહેરમાં રિકવરી રેટ ૮૮ ટકાએ પહોંચ્યો હોવાનો તેમજ રિકવરી રેટ ઝડપથી સુધરી રહ્યાનો દાવો તંત્રએ કર્યો છે. શહેરમાં આજે વધુ ૧૨૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં ૨૨૦ જેટલા દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં કોરોનાના કેસો ઘટતાં લોકો બેપરવાહ બની રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી જરૂર છે.

ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના ૧૨ કેસ નોંધાયા

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોમાં આજે ઘટાડો નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે માત્ર ૧૨ કેસ નોંધાયા છે.

આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે નોંધાયેલા કેસમાં ૩ મહિલા દર્દી, તેમજ ૬ દર્દી ૬૦ થી વધુ વયના નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગરમાં ૮ તેમજ કલોલ અને માણસા તાલુકામાં બે-બે કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના રૂપાલમાં બે કેસ, અડાલજમાં ૪ કેસ ઉપરાંત આદરજ તેમજ શિહોલી મોટીમાંથી પણ એક-એક કેસ મળેલ છે.

કલોલના જાસપુર અને રામનગરમાંથી એક-એક કેસ મળી આવેલ છે. માણસાના ચરાડા અને પુંધરામાંથી એક-એક કેસ મળી આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૨પથી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

દહેગામ ખાતે ૨૪મીથી રોજગાર ભરતી મેળો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને મોડેલ કેરિયર સેન્ટર, ગાંધીનગર દ્વારા રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ જોબફેર ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ ગાંધીનગર ખાતે અને ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ દહેગામ ખાતે યોજાશે.

જેમાં ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ ગાંધીનગર ખાતે બલરામ મંદિર પરિસર, શ્રી ઉમિયામાતાજી મંદિર પાસે, કલેકટર કચેરી સામે, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે સવારના ૧૧.૦૦ કલાક યોજાશે. તેમજ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ દહેગામ ખાતે એમ.બી. કોલેજ ઓફ કોમર્સ એન્ડ જીએમએન આર્ટસ કોલેજ, નહેરુ ચોકડી પાસે, ખાતે સવારના ૧૧.૦૦ કલાક યોજાશે.

આ રોજગાર ભરતી મેળામાં ભાગ લેવા ઇચ્છતા ઉમેદવારોએ ગુગલ લીંક ફોર્મમાં પોતાનું રજિસ્ટ્રેશન કરવું ફરજીયાત છે. ઉમેદવારો પોતાનું રજિસ્ટ્રેશન ર્ંજ://ર્ક્વિજ.ખ્ર્ઝી/ઈછીફૂમ્ટ્ટફીટટ્ટઝ્ઝ૪૧૬ લીંક પર કરવાની રહેશે. આ રોજગાર ભરતી મેળામાં ધોરણ ૧૦ પાસ, ૧૨ પાસ, ગ્રેજ્યુએશન, આઈ.ટી.આઈ.ની લાયકાત ધરાવતા ઉમેદવારો પોતાના બાયોડેટાની ૫(પાંચ) નકલ સાથે સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે તેવું જિલ્લા રોજગાર અધિકારી વરેશ પાંડોરે જણાવ્યું છે.

વન વિભાગના કર્મચારીઓ દ્વારા વાંદરાના જન્મેલા બચ્ચાંને દૂધની બોટલ વડે દૂધ પીવડાવીને નાના બાળકની સાર સંભાળ કરવામાં આવે તેવી જ રીતે સાર સંભાળ કરવામાં આવી રહી છે. નિરાંતે દૂધ પીને વાંદરાનું બચ્ચું આરામ ફરમાવી રહ્યું છે તેવો નજારો કેમેરામાં કેદ કરવામાં આવ્યો હતો.

કલોલ તાલુકાના સાંસદ આદર્શ ગામ બિલેશ્વપુરાની મુલાકાત લેતાં ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સાંસદ આદર્શ ગામ બિલેશ્વરપુરાની આજરોજ ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી અર્જુનસિંહ ચૌહાણે મુલાકાત લીધી હતી.

બિલેશ્વપુરા ગામના ઈ-ગ્રામ સેવામાં છેલ્લા ચાર વર્ષથી જિલ્લા સ્તરે પ્રથમ આવતા રોકડ પુરસ્કાર મળેલ છે. આ શ્રેષ્ઠ કામગીરી બદલ ઈ-ગ્રામ પંચાયતને આર.ઓ. મશીન, બેટરી બેકઅપ, જમ્બો પ્રિન્ટર, લેમીનેશન મશીન અને અરજદારો માટે બેઠક વ્યવસ્થા કરી આપીને મોડેલ ઈ-ગ્રામ પંચાયત બનાવવામાં આવી છે. આજરોજ ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી અર્જુનસિંહ ચૌહાણના હસ્તે મોડલ ઈ-ગ્રામ પંચાયતનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

મંત્રીના હસ્તે ગામમાં અંદાજે એક લાખ રૂપિયાના ખર્ચે મનરેગા હેઠળ તૈયાર થયેલ પુસ્તકાલયનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પુસ્કાલય થકી ગ્રામજનોને વિવિધ પુસ્તકોનું વાંચન અને અખબારોનું વાંચન કરી શકશે. મંત્રીએ ગ્રામ પંચાયત અને એન.જી.ઓ. થકી તૈયાર કરવામાં આવેલા મોડેલ નંદઘરની પણ મુલાકાત લીધી હતી. આ નંદઘરમાં જે નવીન સુવિધાઓ ઉભી કરવામાં આવી હતી. તેની માહિતી પણ મેળવી હતી. તેમજ નંદઘરનું બારીકાઈથી નિરીક્ષણ પણ કર્યું હતું. તેમણે ગામમાં તૈયાર કરવામાં આવેલા ધ્યાનકર્ષિત ચબુતરાની પણ મુલાકાત લીધી હતી.

વિશ્વકર્મા જયંતિએ શ્રમ પારિતોષિકથી રાજ્યના વિવિધ ક્ષેત્રના ઔદ્યોગિક શ્રમિકોનું સન્માન

શ્રમ રોજગાર રાજ્યમંત્રી-કુટિર ઉદ્યોગ રાજ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતી : DISHA સિસ્ટમનું લોંચીંગ કરતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે કે ઉદ્યોગકારો-રોકાણકારો માટે ગુજરાત બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ બન્યુ છે તેના મૂળમાં બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર, રાજ્ય સરકારના સાનુકૂળ અભિગમ ઉપરાંત લેબર પીસ-શ્રમ શાંતિનો પણ મહત્વનો ફાળો રહેલો છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે ગુજરાત દેશમાં સૌથી ઓછા મેન ડેયઝ લોસ ધરાવતું રાજ્ય છે. શ્રમિકોના સક્રિય સહયોગ અને રાજ્ય સરકારની બિઝનેસ ફ્રેન્ડલી પોલિસીઝથી ગુજરાત ઔદ્યોગિક વિકાસ અને શ્રમિક કલ્યાણ બાબતોમાં દેશમાં અગ્રેસર છે.

મુખ્યમંત્રીશ્રી રાજ્ય સરકારના શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ આયોજિત શ્રમ પારિતોષિક વિતરણ અને DISHA સિસ્ટમના ગાંધીનગરમાં લોંચીંગ સમારોહમાં અધ્યક્ષીય સંબોધન કરી રહ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી પદ કાળ દરમ્યાન શરૂ કરાવેલી આ શ્રમ પારિતોષિક વિતરણની શૃંખલામાં રાજ્ય સરકાર ઉદ્યોગોમાં સંકટ સમયે પોતાની આત્મસૂઝ, ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો તથા ઔદ્યોગિક શાંતિ જાળવવામાં યોગદાન આપનારા શ્રમયોગીઓને વિવિધ પુરસ્કારોથી સન્માનિત કરે છે.

મુખ્યમંત્રીએ વિશ્વકર્મા જયંતિના પર્વે સોમવારે આવા શ્રમયોગીઓને શ્રમ રત્ન, શ્રમ ભૂષણ, શ્રમ વીર અને શ્રમ શ્રી - શ્રમ દેવી પુરસ્કારો અન્વયે પ્રતિકરૂપે ૧૬ વ્યક્તિઓને સન્માનિત કર્યા હતા. સમગ્ર રાજ્યમાં આ વર્ષે આવા ૬૪ પુરસ્કારો આપવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વકર્મા જયંતિની શુભેચ્છા પાઠવતાં આ અવસરે જણાવ્યું કે પોતાના શ્રમ, પરિશ્રમ અને પરસેવાથી ઉદ્યોગ, વેપાર, મેન્યૂફેકચરીંગ સેકટરમાં ગુજરાતને વિકાસનું રોલ મોડેલ બનાવનારા પાયાના પથ્થર એવા શ્રમિકો માટે 'શ્રમ એવ જયતે' અને 'હર હાથ કો કામ હર કામ કા સન્માન'નો મંત્ર વડાપ્રધાને આપ્યો છે.

તલાટીના ફોર્મ ભરવાની તારીખ ૧૭મી ફેબ્રુઆરી સુધી લંબાવાઈ

ગાંધીનગર, તા.૧૪

આજે રાજ્યમાં તલાટી કમ મંત્રીના ફોર્મ ભરવાની તારીખમાં રાજ્ય સરકારે બે દિવસ વધારવાની જાહેરાત કરી હતી જે મુજબ હવે આગામી તારીખ ૧૭મી ફેબ્રુઆરી સુધી ફોર્મ ભરી શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે તલાટીના ફોર્મ ભરવાની અગાઉની છેલ્લી તારીખ ૧૫મી ફેબ્રુઆરી હતી જે હવે તા.૧૭મી ફેબ્રુઆરી થઈ છે અને ઉમેદવારો તા.૨૧મી ફેબ્રુઆરી સુધી ફી ભરી શકશે. રાજ્યમાં તલાટી કમ મંત્રીની ૩,૪૩૭ જગ્યાઓ પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે અને તે માટે તા.૨૮ જાન્યુઆરીથી ફોર્મ ભરવાની શરૂઆત કરવામાં આવી હતી.

થેલેસેમિક બાળકો માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ૧૭મી ફેબ્રુઆરીએ રક્તદાન કેમ્પ

ગાંધીનગર, તા.૧૪

રક્તદાન એ મહાદાન છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગના એન.એસ.એસ. યુનિટ દ્વારા ૧૭મી ફેબ્રુઆરીના રોજ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કોરોનાકાળ તેમજ એ પછી થેલેસેમિક બાળકો માટે રક્તની અછતની સ્થિતિ સર્જાઈ છે, ત્યારે માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે યુનિવર્સિટી પરિવારના તમામ લોકોને સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવા પ્રેરણા આપતાં, આ રક્તદાન કેમ્પનું આયોજન થઈ રહ્યું છે. કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શન મુજબ, વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલની રાહબરીમાં ૧૭મી ફેબ્રુઆરીએ સવારે ૯.૩૦થી ૧-૦૦ કલાક દરમિયાન આ રક્તદાન કેમ્પ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી કેમ્પસ, સુભાષચંદ્ર બોઝ શૈક્ષણિક સંકુલ, સેક્ટર-૨૦ ખાતે યોજાશે.

પ્રવેગ Q3 રીઝલ્ટ્સ : ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૭.૩% વધીને રૂ. ૫૪૬ લાખ

અમદાવાદ-પ્રવેગ કોમ્યુનિકેશન્સ (ઈન્ડિયા) લિમિટેડે (PCIL) તેના ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૨૧ ક્વાર્ટરના પરિણામોની જાહેરાત તારીખ ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ કરી રૂ. ૫૪૬.૬૦ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો, જે ગયા વર્ષના સમાન સમયગાળાનો નફો રૂ. ૫૦૯.૪૫ લાખથી ૭.૩ ટકાના દરે વધારો દર્શાવે છે.

કંપની દ્વારા સ્ટોક એક્સચેન્જમાં કરાયેલી નિયમનકારી ફાઈલિંગ મુજબ, ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ પૂરા થયેલા નવ મહિના માટે કંપનીની આવક ગયા વર્ષના સમાન સમયગાળાને સરખાવતા રૂ. ૨૩૩૦.૬૬ લાખથી વધીને રૂ. ૨૮૨૯.૪૦ લાખ, એટલે કે ૨૧.૪૦ ટકા વધી છે.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર પારસ પટેલે જણાવ્યું હતું કે "કોરોના રોગચાળાની અસર હોવા છતાં, અમે આ ત્રિમાસિક ગાળામાં નોંધપાત્ર વૃદ્ધિ હાંસલ કરી છે". તેમણે વધુમાં ઉમેર્યું હતું કે કંપની આવનાર સમયમાં વેગવાન વૃદ્ધિ હાંસલ કરવા માટે તૈયાર છે.

પ્રવેગ કોમ્યુનિકેશન્સ (ઈન્ડિયા) લિમિટેડ એક્ઝિબિશન મેનેજમેન્ટ, ઈવેન્ટ મેનેજમેન્ટ, ટૂરિઝમ અને હોસ્પિટાલિટી અને પબ્લિકેશન જેવા વિવિધ બિઝનેસ સેગમેન્ટમાં તેના મજબૂત નેતૃત્વ માટેપ્રખ્યાત છે. કંપની નજીકના ભવિષ્યમાં તેના હોસ્પિટાલિટી પોર્ટફોલિયોને વિસ્તૃત કરીને બહુવિધ વૃદ્ધિ માટે શ્રેષ્ઠ સંભવિત પરિસ્થિતિઓ સ્થાપિત કરવા તૈયાર છે.

મતદાન...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું કે ઉત્તરાખંડમાં આ વર્ષની વિધાનસભા ચૂંટણીમાં ૧૮.૮૦ કરોડ રૂપિયાની વસૂલાત કરવામાં આવી હતી. જે ૨૦૧૭ની ચૂંટણી કરતાં ત્રણ ગણી વધારે છે.

યુપીના દેવબંદમાં મતદાન પૂર્ણ થયા બાદ ચૂંટણી અધિકારીઓએ ઈવીએમ મશીનોને સીલ કરી દીધા હતા. ટ્રાન્સજેન્ડર ઝરીન ઉમરે ગોવાના મારગાવમાં પોતાનો મત આપ્યો. ઝરીને જણાવ્યું કે તેણે ૨૦ વર્ષ પછી પહેલી વાર વોટ આપ્યો. કેન્દ્રીય મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીના નેતૃત્વમાં બીજેપીનું પ્રતિનિધિમંડળ દિલ્હીમાં ચૂંટણી પંચને મળ્યું હતું. કહ્યું કે ઉત્તર પ્રદેશમાં સપા, બસપા અને કોંગ્રેસ પ્રયત્ન કરી રહી છે કે મુસ્લિમ મહિલાઓ વોટ ન આપે. મહિલાઓને બુરખામાં બૂથ પર જવા અને તેમની ઓળખ દર્શાવ્યા વિના મતદાન કરવા માટે કહેવામાં આવી રહ્યું છે. અમે આ બાબતે ચૂંટણી પંચને જાણ કરી છે અને બોગસ વોટિંગ અટકાવવા પગલાં લેવા વિનંતી કરી છે.

નકલી મતદાન કરવા માટે સ્લિપ લેવા જઈ રહેલા બે યુવકોની ખજુરિયા પોલીસે ધરપકડ કરી હતી. પોલીસે બંને આરોપીઓ પાસેથી દસ નકલી આઈડી કબજે કર્યા છે. એક ટ્વિટમાં સપાએ આરોપ લગાવ્યો છે કે સહારનપુર જિલ્લાના બેહટ-૧, બૂથ નંબર-૧૨૭ પર બીજેપી કાર્યકરો બોગસ વોટિંગ કરાવી રહ્યા છે. ચૂંટણી પંચને આ મામલાની નોંધ લેવા માટે કહેવામાં આવ્યું છે.

વિદ્યાર્થી ફસાયા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હજાર હોય છે તેનું હાલ એક લાખ રૂપિયા થયું છે.

મળતી માહિતી પ્રમાણે વડોદરા સહિત ગુજરાતના અનેક વિદ્યાર્થીઓ યુક્રેનની કોલેજોમાં અભ્યાસ કરી રહ્યા છે. યુક્રોનની ચેરનીવેસ્ટીમાં આવેલ બુકોવેનીયન સ્ટેટ મેડિકલ કોલેજમાં અભ્યાસ કરી રહ્યા છે. ખાનગી સ્કૂલમાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવતાં હેતલ મહેતાના પુત્રી વિશ્વ મહેતા અભ્યાસ કરી રહી છે. વાલીઓ પોતાના બાળકોને ભારત પરત લાવવા માંગણી કરી રહ્યા છે.

વડોદરાના વાલીઓ રાજ્ય સરકારને રજૂઆત કરશે. એર લાઈન્સ કંપનીઓએ ટિકિટના ભાડામાં વધારો કરતા મુશ્કેલી પડી રહી છે. મહત્ત્વનું છે કે, સમગ્ર ભારત ના ૧૮૦૦૦ વિદ્યાર્થીઓ યુક્રેન દેશમાં ભણી રહ્યા છે અને તેમાં આપણા ગુજરાતના ૩૦૦૦ થી ૫૦૦૦ જેટલા વિદ્યાર્થી ગુજરાત રાજ્યના છે. તે બધા મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ છે અત્યારે હાલમાં રશિયા સાથે યુક્રેનનાં યુદ્ધની જોરદાર તૈયારીઓ ચાલી રહી છે અને તેને અનુલક્ષી યુક્રેનમાં આપણા ગુજરાતના વિદ્યાર્થીઓ ખુબ જ ચિંતામાં છે. જીવ બચાવવા અને ગુજરાત આવવા ઉતાવળ કરી રહ્યા છે. તેથી વાલીઓ ખુબ જ ટેન્શનમાં આવી ગયા છે.

યુક્રેન જેવા દેશોમાંથી મેડિકલ અભ્યાસ કરી પરત ફરવા માટે ભારતમાં તાત્કાલિક પ્રેક્ટિસ કરવી મુશ્કેલ હોય છે. વિદેશથી મેડિકલથી અભ્યાસ પૂરો કર્યા બાદ ભારત પરત ફરતા મેડિકલ વિદ્યાર્થીઓને ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ્સ એક્ઝામિનેશનની પરીક્ષા આપવાની હોય છે. એ ઘણી મુશ્કેલ પરીક્ષા હોય છે અને એને પાસ કરવી એટલી સરળ હોતી નથી. આજે પણ ભારત જેવા દેશમાં એમબીબીએસની ડિગ્રી સારી રોજગારીની ગેરંટી છે. ભારતમાં લગભગ ૮૮ હજાર એમબીબીએસ સીટો છે, પરંતુ ૨૦૨૧માં ૮ લાખથી વધુ ઉમેદવારોએ મેડિકલ એન્ટ્રન્સ એક્ઝામ, નીટમાં હાજરી આપી હતી. એટલે કે દર વર્ષે ૭ લાખથી વધુ ઉમેદવારોનું ડૉક્ટર બનવાનું સપનું અધૂરું રહી જાય છે.

તોડી પડાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવા આવાસો બાંધવા માટેની ખુલ્લી જગ્યાનો પણ અગાઉ સર્વે કરાયો હતો જયારે આ મામલે ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન રજુ કરાયા બાદ પણ હજુ સુધી આખરી નિર્ણય લેવાયો નથી આ ઉપરાંત નગરમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી ૪૫૦૦ જેટલા જોખમી મકાનોને પણ તોડવા અનિવાર્ય છે. આ આવાસો તોડવા માટે સેકટરોમાં ખાલી કરવામાં આવેલા મકાનોને અનુલક્ષી તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત મોકલવામાં આવે છે. અગાઉ સે-૯ અને સે-૧૨ માં પણ જુના અને જોખમી મકાનો તોડવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. જે મુજબ સે-૯ માં ચ- કક્ષાના ૧ ચ-૧ કક્ષાના -૩ અને છ કક્ષાના ૩ બ્લોક સહીત કુલ ૭ બ્લોકના ૭૨ યુનિટ તોડવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી આ ઉપરાંત સે-૧૨ માં જ કક્ષાના ૮૪ અને છ કક્ષાના ૧૨ સહીત કુલ ૯૬ મકનો તોડવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી જયારે સે-૯ અને સે-૧૨ માં આવાસો તોડવાના મામલે વિભાગને કરવામાં આવેલી આ દરખાસ્ત અન્વયે નિર્ણય કરી દેવાયો છે. આ તમામ આવાસો તોડવા માટે મંજુરી આપી દેવાતા ટુંકમાં ટેન્ડર પ્રકીયા હાથ ધરી બન્ને સેકટરમાં કુલ ૧૬૮ મકાનો તોડી નાંખવામાં આવશે. શહેરમાં જોખમી મકાનોની સંખ્યા વધુ છે. ત્યારે આવાસો તોડવાનુ કામ ઝડપથી હાથ ધરવામાં આવે તો જગ્યાની ઉપલબ્ધિ મુજબ નવા મકાનો બાંધવા માટે ઝડપથી જગ્યાની પસંદગી કરી આવાસો બાંધવાનુ કામ પણ ઝડપથી થઈ શકે તેમ છે એકબાજુ તંત્રના ચોપડે આવાસોના મામલે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. ત્યારે જોખમી મકાનો તોડવાની સાથે નવા આવાસો બાંધવાની યોજના પણ ઝડપથી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગણી પણ ઉઠવા પામી છે. સેકટરોમાં જુદી જુદી કક્ષાના ઘણાં મકાનો ખાલી હાલતમાં છે. અલબત્ત આ આવાસોમાં કોઈ રહેણાંક ન હોવાછતા હજુ પણ આ જોખમી મકાનો તોડવા માટે કોઈ નિર્ણય લેવાતો નથી.

પાણી સપ્લાય કરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત બોરીજ અને આદીવાડામાં અડધા અડધા કીમીની લાઈનનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. આ કામ પાછળ રૂ ૧.૧૦ કરોડનો ખર્ચ કરાયો છે. હાલની સ્થિતિએ પાલજમાં પાણીના ૫૪૨ જોડાણ છે જયારે બોરીજમાં ૮૯૩ જોડાણ અસ્તિત્વમાં છે. જયારે હવે આગામી દિવસોમાં બાસણમાં કામ શરૂ કરી દેવાશે. નળ સે જળ યોજના અન્વયે દરેક ગ્રામજનોને પીવાનુ પાણી મળી રહે તે માટે અત્યાર સુધી ગેરકાયદેસર જોડાણ હોય તેવા કિસ્સામાં કાયદેસરનુ જોડાણ આપી લાઈન પણ યોગ્ય કરવામાં આવી રહી છે. જેથી ગ્રામ્ય વિસ્તારમાં રહીશોને ફોર્સથી પાણીનો સપ્લાય મળી રહે ગાંધીનગરના શહેરી ગામોમાં ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં છાશવારે પાણીની પોકાર ઉઠવા પામે છે. જો કે સમગ્ર દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ ગાંધીનગરમાં થાય છે. આમછતા પાઈપલાઈનના યોગ્ય નેટવર્કના અભાવે પાણીની સમસ્યા જટીલ બને છે. અગાઉ ટોપોગ્રાફીના લીધે પણ ગામોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાનુ સામે આવ્યુ હતુ જો કે હવે આ યોજના અન્વયે પુરતા પ્રમાણમાં ફાર્સથી પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. નળ સે જળ યોજના અન્વયે ગામોમાં અત્યાર સુધી જયાં પાણી નહોતુ મળતુ તેવા ઠેકાણે પણ પાણી સપ્લાય કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે.

ઠંડીનો પારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેવી આકરી ગરમી અનુભવ્યા બાદ અચાનક જ વાતાવરણમાં બદલાવ જોવા મળ્યો હતો. ઠંડીએ હવે વિદાય લઈ લીધી હોવાનુ માનતા નગરજનોએ કોલ્ડવેવથી બચવા માટે ગરમ કપડામાં લપેટાવાનો વારો આવ્યો હતો. ગઈકાલે પણ ઠંડીનો પારો ઉગ્ર મિજાજમાં હતો જેના લીધે લઘુત્તમ તાપમાન ૮.૨ ડીગ્રીએ રહ્યુ હતુ જો કે છેલ્લા બે દિવસથી ઠંડી વધવાની સાથે દિવસે ગરમી પણ વધતી જાય છે. જયારે આજે ઠંડીનો પારો ગગડયો હતો અલબત્ત ઠંડી ઘટી હતી. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનુ પ્રમાણ ચાર ડીગ્રી ઘટયુ હતુ લઘુત્તમ તાપમાન પણ ૧૨.૩ ડીગ્રી નોંધાયુ છે. જયારે દિવસનુ તાપમાન પણ ઉંચકાયુ છે. આજે મહત્તમ તાપમાન ૩૧.૬ ડીગ્રી રહ્યુ હતુ જે ગઈકાલની સાપેક્ષમાં ૦.૬ ડીગ્રી વધ્યુ હતુ. છેલ્લા ચાર દિવસમાં મહત્તમ તાપમાનમાં ૩ ડીગ્રી નો વધારો જોવા મળ્યો છે જેના લીધે હવે દિવસે ઉનાળા જેવી આકરી ગરમી અનુભવાય છે. દિવસનો તાપ આકરો બનતા નગરજનો ગરમીમાં શેકાતા હોવાનો અહેસાસ કરી રહ્યા છે. દિવસ દરમિયાન ઓફિસોમાં એ સી અને પંખા ઓન થઈ ગયા છે. ઠંડીનુ પ્રમાણ અચાનક જ વધતા નગરજનો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે. જયારે સતત બદલાતા મોસમના મિજાજથી નગરજનો પ્રભાવિત છે. શહેરના જનજીવન પર તેની સ્પષ્ટ અસર વર્તાઈ રહી છે. હવામાન તજજ્ઞોનાના મતે ઠંડી હવે થોડા દિવસોમાં જ વિદાય લઈ લેશે અલબત્ત ફેબ્રુઆરીના અંત સુધી વહેલી સવારે અને રાત્રિના સમયે ગુલાબી ઠંડક રહેશે જયારે આકમક ઠંડીમાંથી નગરજનોને છુટકારો મળશે આ વર્ષે શિયાળો વધુ આકરો પુરવાર થયો છે. જયારે અગાઉના એક દાયકાની ઠંડીનો રેકર્ડ પણ તુટી ગયો છે. આકરી ઠંડીની સાથે વાતાવરણ પલ્ટાની સાથે સુસવાટા મારતા પવનનુ જોર પણ વધુ રહ્યુ હોવાથી સેકટરવાસીઓ ઠંડીથી તોબા પોકારી ગયા છે. પરંતુ હાલ વધતી ગરમીનો મિજાજ જોઈ ઉનાળો પણ ઠંડીની સિઝનની જેમ આકરો પુરવાર થવાનો હોવાનો અણસાર આવી રહ્યો છે.